**GUJARAT STATE POLICE HOUSING CORPORATION LTD.**
(A Government of Gujarat Undertaking)
B/h. Lokayukt Bhavan, Off "CHH " Road,
Sector 10/B, GANDHINAGAR-382010
CIN: U45201GJ1988SGC011453

नास्ति गृहात्परं सुखम्
www.gsphc.gujarat.gov.in

**Advt. No 10 /2024**

# RECRUITMENT

Gujarat State Police Housing Corporation Ltd invites applications on regular basis for following positions:

| Sr. No. | Position | No. of Posts | Age as on 11.09.2024 | Experience as on 11.09.2024 |
|---|---|---|---|---|
| 1 | Superintending Engineer (Civil) | 01 | Min - 45<br>Max - 50 | 24 Years |
| 2 | Executive Engineer (Civil) | 03 | Min - 39<br>Max - 45 | 17 Years |
| 3 | Dy. Executive Engineer (Civil) | 04 | Min - 32<br>Max - 38 | 10 Years |

Detailed advertisement is available on GSPHC website https://gsphc.gujarat.gov.in. Interested Candidate may apply on https://ojas.gujarat.gov.in from 28.08.2024, 13:00 onwards. Candidates are advised to go through the detailed advertisement before applying.

**Last date for submitting application shall be 11.09.2024.**

Managing Director
Gujarat State Police Housing
Corporation Limited

## ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ.

## રજી. ઓફિસઃ લોકાયુકત ભવનની પાછળ,

## "છ" રોડ, સેકટર-૧૦/બી, ગાંધીનગર-૩૮૨૦૧૦

## હેલ્પ લાઇન : ૯૯૭૮૪ ૧૦૧૧૮

ઈ-મેઈલ: **recruit-gsphc@gujarat.gov.in**

**OJAS જાહેરાત ક્રમાંક : GPHC/202425/1, GPHC/202425/2 & GPHC/202425/3**

News Paper Advt No. 10/2024

---

## અધિક્ષક ઈજનેર (સિવિલ) (Superintending Engineer) વર્ગ-૧, કાર્યપાલક ઇજનેર (સિવિલ) (Executive Engineer) વર્ગ-૧ તથા નાયબ કાર્યપાલક ઈજનેર(સિવિલ) (Dy. Executive Engineer) વર્ગ-૨ ની કાયમી જગ્યા પર ભરતી માટે અગત્યની વિગતવારની સુચનાઓ

(૧) ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ. માટે **અધિક્ષક ઈજનેર (સિવિલ) વર્ગ-૧ ની કુલ:૦૧ (એક), કાર્યપાલક ઇજનેર (સિવિલ) વર્ગ-૧ ની કુલ:૦૩ (ત્રણ) તથા નાયબ કાર્યપાલક ઈજનેર(સિવિલ) ની કુલ:૦૪ (ચાર)** જગ્યા પર સીધી ભરતીથી ઉમેદવારો પસંદ કરવા માટે આ જાહેરાત પ્રસિધ્ધ કરેલ છે તેમજ ફકત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ ભરતી પ્રક્રિયા નિગમની હાલની ખાલી રહેલ જગ્યાને ધ્યાને લઇ આ જગ્યા માટે લાયકાત પરીપૂર્ણ કરતા અને ઇચ્છા ધરાવતા ઉમેદવારોએ સરકારશ્રીની https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર તા.૨૮/૦૮/૨૦૨૪ (બપોરના ૧ કલાક) થી તા.૧૧/૦૯/૨૦૨૪ (૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન ઓનલાઇન જઇ "ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લી. જાહેરાત" ના પેઇજ પર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતા પહેલા માહિતી અને સૂચનાઓ ઉકત વેબસાઇટ પરથી પુરી કાળજીપૂર્વક વાંચી લેવાની રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન અરજી કન્ફર્મ થયા પછી તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે. હાલ કોઇ પણ ઉમેદવારોએ કચેરીમાં ટપાલથી કે રૂબરૂમાં અરજીપત્રકો મોકલવાના રહેશે નહીં તેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૨) <u>કુલ ભરવાપાત્ર જગ્યા</u>

| ક્રમ નં | સંવર્ગ | કુલ ભરવાપાત્ર જગ્યા | જે પૈકી કેટેગરી મુજબ જગ્યા | | | | પગારધોરણ |
|---|---|---|---|---|---|---|---|
| | | | General | SEBC | SC | ST | |
| ૧ | અધિક્ષક ઈજનેર (સિવિલ)<br>Superintending Engineer (Civil) | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | સાતમા પગાર પંચ મુજબ ૭૮૮૦૦-૨૦૯૨૦૦ (લેવલ-૧૨) |
| ૨ | કાર્યપાલક ઇજનેર (સિવિલ)<br>Executive Engineer (Civil) | 3 | ૧ | ૦ | ૧ | ૧ | સાતમા પગાર પંચ મુજબ ૬૭૭૦૦-૨૦૮૭૦૦ (લેવલ-૧૧) |
| 3 | નાયબ કાર્યપાલક ઇજનેર (સિવિલ)<br>Deputy Executive Engineer (Civil) | ૪ | ૦ | ૧ | ૦ | 3 | સાતમા પગાર પંચ મુજબ ૫૩૧૦૦-૧૬૭૮૦૦ (લેવલ-૯) |

3) <u>જરૂરી લાયકાત</u>

| ક્રમ નં | સંવર્ગ | વયમર્યાદા | શૈક્ષણિક લાયકાત | અનુભવ |
|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક ઈજનેર (સિવિલ) | લઘુત્તમ ૪૫ વર્ષ થી મહત્તમ ૫૦ વર્ષ | માન્ય યુનિવર્સિટીમાં થી Bachelor of Engineering (Civil) / B.Tech in Civil ની પદવી | સ્નાતકની પદવી મેળવ્યા પછીનો બાંધકામના પ્રોજેકટની સાઇટ પર કામ કરવાનો ઓછામાં ઓછો ૨૪ વર્ષનો મકાન બાંધકામને લગત વધુ અનુભવ હોય તે પૈકી ઓછામાં ઓછો ૭ વર્ષનો અનુભવ કાર્યપાલક ઇજનેર કે તેને સમકક્ષ હોદ્દા પર હોવો જરૂરી છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | કાર્યપાલક ઇજનેર (સિવિલ) | લઘુત્તમ ૩૯ વર્ષ થી મહત્તમ ૪૫ વર્ષ | માન્ય યુનિવર્સિટીમાં થી Bachelor of Engineering (Civil) /B.Tech in Civil ની પદવી | સ્નાતકની પદવી મેળવ્યા પછીનો બાંધકામના પ્રોજેકટની સાઇટ પર કામ કરવાનો ઓછામાં ઓછો ૧૭ વર્ષનો મકાન બાંધકામને લગત વધુ અનુભવ હોય તે પૈકી ઓછામાં ઓછો ૭ વર્ષનો અનુભવ નાયબ કાર્યપાલક ઇજનેર કે તેને સમકક્ષ હોદ્દા પર હોવો જરૂરી છે. |
| 3 | નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ) | લઘુત્તમ ૩૨ વર્ષ થી મહત્તમ ૩૮ વર્ષ | માન્ય યુનિવર્સિટીમાં થી Bachelor of Engineering (Civil) / B.Tech in Civil ની પદવી | સ્નાતકની પદવી મેળવ્યા પછીનો બાંધકામના પ્રોજેકટની સાઇટ પર કામ કરવાનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો મકાન બાંધકામને લગત વધુ અનુભવ હોવો જરૂરી છે. |

**નોંધ**: ઉપરોકત તમામ લાયકાત અરજી સ્વીકારવાની અંતિમ તારીખનાં રોજ ગણવામાં આવશે તથા અનુભવ જરૂરી શૈક્ષણિક લાયકાત બાદનો જ માન્ય ગણવામાં આવશે.

## ૪) <u>અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ ઉમેદવારો માટેની સામાન્ય જોગવાઈઓ:-</u>

(૪.૧) ભરતીનાં તમામ જરૂરી પ્રમાણપત્રો તા. ૧૧/૦૯/૨૦૨૪ નાં રોજ માન્ય હોવા જોઈએ.

(૪.૨) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ પ્રમાણપત્રની ચકાસણી સમયે રજુ કરવાની રહેશે.

(૪.3) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ તે જ્ઞાતિના મળવાપાત્ર લાભ લેવા માટે સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૨૬.૦૪.૨૦૧૬ નાં ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ થી જણાવ્યા મુજબ બિન ઉન્નત વર્ગના (Non Creamy Layer)નું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જેની અવધી (Validity) આવું પ્રમાણપત્ર જે નાણાંકીય વર્ષમાં મેળવ્યુ હોય તે સહિત ત્રણ વર્ષની રહેશે. જેથી **<u>બિન ઉન્નત વર્ગ (Non</u>**

**<u>Creamy Layer)નું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવી લેવાનું રહેશે અને આ પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૨૦૨૨ બાદનાં સમયગાળામાં ઇસ્યુ થયેલ હોવું જોઇએ.</u>** આ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે. અન્યથા અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહીં.

૫) **<u>ઉપલી વયમર્યાદામાં છૂટછાટ:- (માત્ર કાર્યપાલક ઈજનેર તથા નાયબ કાર્યપાલક ઈજનેર(સિવિલ) સંવર્ગ માટે)</u>**

જાહેરાતમાં દર્શાવેલ અનામત કેટેગરીની ભરવાપાત્ર જગ્યા માટે, મૂળ ગુજરાતનાં હોય તેવા, તે જ અનામત કેટેગરીનાં ઉમેદવારો તથા તમામ મહિલા ઉમેદવારોને નીચે મુજબ મહત્તમ વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૦૫ વર્ષ | ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના પુરુષ ઉમેદવારો | ૦૫ વર્ષ | ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ (૫+૫=૧૦) | ૪૫ વર્ષ |

કોઈ પણ સંજોગોમાં મહતમ વયમર્યાદા ૪૫ વર્ષથી વધી શકશે નહીં.

(૬) **<u>ના વાંધા પ્રમાણપત્ર</u>**:

ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ ધ્વારા તેમના ખાતા મારફત **<u>"ના વાંધા પ્રમાણપત્ર"</u>** મેળવી શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે અન્યથા તેઓની ઉમેદવારી રદ ગણવામાં આવશે.

(૭) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો કોઇપણ તબક્કે ખોટી માલુમ પડશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. તેમજ તેમની ઉમેદવારી પણ રદ્દ કરવામાં આવશે.

(૮) જાહેરાત કોઇપણ કારણોસર રદ્દ/ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો નિગમનો સંપૂર્ણ હક્ક અને અધિકાર રહેશે. નિગમ આ માટે કારણો આપવા બંધાયેલ નથી.

(૯) **<u>એક ઉમેદવાર એક જગ્યા માટે એક જ અરજી કરી શકશે. (No Multiple Application)</u>**

(૧૦) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર તથા ઇ-મેઈલ એડ્રેસ દર્શાવે તે જ નંબર તથા ઇ-મેઈલ એડ્રેસ ચાલુ રાખવું. ભવિષ્યમાં નિગમ તરફથી આ ભરતી પ્રક્રિયાને સબંધિત સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબર તથા ઈ-મેઈલ એડ્રેસ પર મોકલવામાં આવશે. તેથી દર્શાવેલ મોબાઇલ નંબર તથા ઈ-મેઈલ એડ્રેસ બદલવું નહીં.

(૧૧) અરજીઓ ફક્ત https://ojas.gujarat.gov.in પરથી જ કરી શકાશે. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ્દ કરવામાં આવશે. (આ યાદી માત્ર ઉદાહરણ સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.)

(a) ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય.

(b) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે વિસંગત હોય.

(c) અરજીમાં ઉમેદવારે સહી કે રંગીન પાસપોર્ટ સાઇઝનો સુચવેલ ફોર્મેટમાં ફોટો અપલોડ કરેલ ન હોય.

(d) અરજી ફેકસથી, ઇ-મેઈલથી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય.

**(૧૨) <u>જરૂરી લાયકાતના પ્રમાણપત્રોની ચકાસણી</u>** :

નિયમોનુસાર ઉમેદવારોને ઉંમર, શૈક્ષણિક લાયકાત તથા અનુભવના પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવશે. જેમાં તમામ પ્રમાણપત્રો અસલમાં તથા સ્વયં પ્રમાણિત કરેલ નકલ સાથે રાખીને હાજર રહેવાનુ રહેશે. જો પ્રમાણપત્રો તથા અરજીમાં દર્શાવેલ વિગતો ખોટી જણાશે તો ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

**(૧૩) <u>ભરતી પ્રક્રિયા:</u>**

જરૂરી લાયકાતનાં અસલ પ્રમાણપત્રોની ચકાસણી બાદ આગળની ભરતી પ્રક્રિયા માટે વખતોવખત નિગમની વેબસાઈટ પર સુચના મુકવામાં આવશે તેમજ લાયક ઉમેદવારોને કોલ લેટર થકી જાણ કરવામાં આવશે. ભરતી પ્રક્રિયાનાં દરેક તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત રહેવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાને કોઈપણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે. ભરતી ના કોઈ પણ તબક્કે જ્યારે પણ ઉમેદવારોને બોલાવવામાં આવે ત્યારે તેઓએ પોતાના સ્વખર્ચે હાજર રહેવાનું થશે.

**(૧૪) <u>પસંદગી યાદી</u>** :

સમગ્ર ભરતી પ્રક્રિયા બાદ ઉમેદવારોનું મેરીટ તૈયાર કરવામાં આવશે જેના આધારે જગ્યા મુજબ ઉમેદવારને નિમણૂક આપવામાં આવશે તથા જરૂરિયાત મુજબ ઉમેદવારોની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત અનુભવ ઉંમર વગેરેના સમર્થનમાં રજૂ કરેલ પ્રમાણપત્રો કોઈપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમ જ આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહીને પાત્ર થશે જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે તેમણે રજૂ કરેલા પ્રમાણપત્રો ખૂબ જ ચોકસાઈથી પૂર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ રજૂ કરવા.

**(૧૫) <u>અરજી પત્રક ભરવા માટેની સુચનાઓ</u>** :

(૧૫.૧) તમામ જગ્યાઓ માટે ફકત ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ ઓનલાઇન અરજી https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી કરી શકાશે.

(૧૫.૨) લાયકાતો ધરાવતા ઉમેદવારોએ ઉપરોકત જગ્યા માટે એક જ અરજી પત્રક ભરવાનું રહેશે.

(૧૫.૩)અરજદારે અરજી કરતી વખતે પોતાની સાથે રંગીન પાસપોર્ટ સાઇઝનો ફોટો, સ્કેન કરવા માટે પોતાની સહી, જરૂરી પ્રમાણપત્રો અને પૂરાવા રાખવા. જેથી તેના આધારે જ સાચી માહિતી

અરજીમાં ભરી શકાય.

(૧૫.૪) ઓનલાઇન અરજી કન્ફર્મ કરીને અરજીની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.જે દસ્તાવેજ ચકાસણી વખતે રજૂ કરાવાની રહેશે.

(૧૬) **ગેરવર્તણુક અંગે દોષિત ઠરેલ ઉમેદવાર વિરુદ્ધ પગલાં**

(૧૬.૧) ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજી પત્રકમાં કોઈપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવી નહીં. તેમજ આવશ્યક માહિતી છુપાવી નહીં ઉપરાંત તેઓએ રજૂ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલ કોઈ પણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઈ પણ છેડા કરવા નહીં અથવા તેઓએ આવા ચેડા કરેલ બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહીં. જો એક જ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઈપણ પ્રકારની અચોક્કસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજૂ કરવી.

(૧૬.૨) નિગમ જે કોઈ ઉમેદવારને -

૧. તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે નિગમના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી/ કર્મચારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે,

૨. બીજાનું નામ ધારણ કરવા માટે,

૩. બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,

૪. બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,

૫. યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,

૬. રૂબરૂ મુલાકાત દરમ્યાન માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે,

૭. ભરતી પ્રક્રિયા દરમ્યાન નિગમે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારિરીક રીતે ઈજા કરવા માટે.

ઉપરોક્ત ૧ થી ૭ કિસ્સાઓમાં ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત, (ક) નિગમ, તે ઉમેદવારને ભરતી પ્રક્રિયા માટે ગેરલાયક ઠરાવી શકશે અથવા (ખ) (૧) નિગમે સીધી પસંદગી માટે લેવાની કોઈ પણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રુબરુ મુલાકાતમાથી, અથવા (૨) રાજ્ય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે ગેરલાયક/બાકાત કરી શકશે.

(૧૬.૩) ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધસરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેર-લાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની ઉમેદવારી/પસંદગી/ નિમણૂંક રદ થવાને પાત્ર બનશે.

(૧૭) <u>નિગમની સત્તા</u>

ઉમેદવારે અરજીમાં ઉલ્લેખ કરેલ જરૂરી લાયકાતનાં રજૂ કરેલ દસ્તાવેજો, અનુભવનાં માપદંડો, જવાબદારીઓ વગેરે માન્ય રાખવા કે નહી ઉપરાંત આ જાહેરાત અંગે કોઈ પણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થશે તો, તેમ કરવાનો સંપુર્ણ હક્ક/અધિકાર નિગમનો રહેશે તથા તેના કારણો આપવા નિગમ બંધાયેલ રહેશે નહી.

**<u>જરૂરી સૂચના:</u>**

આ જાહેરાતને સંલગ્ન અન્ય તમામ સૂચનાઓ વખતોવખત નિગમની વેબસાઇટ www.gsphc.gujarat.gov.in તેમજ https://ojas.gujarat.gov.in પર મુકવામાં આવશે, જેની ઉમેદવારોએ સમયાંતરે નોંધ લઇ ઘટિત કાર્યવાહી કરવાની રહેશે.

ઉક્ત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો કચેરીનાં ચાલુ કામકાજના સમય દરમિયાન હેલ્પ લાઈન નંબર **૯૯૭૮૪૧૦૧૧૮** પર તથા recruit-gsphc@gujarat.gov.in પર ઈ-મેઈલ કરી શકાશે.

**સ્થળ : ગાંધીનગર**

**તારીખ: ૧૭.૦૮.૨૦૨૪**

**(હસમુખ પટેલ)**

**પોલીસ મહાનિદેશક**

**અને મેનેજિંગ ડિરેકટર**

**<u>ઉમેદવારોના હિતમાં જાહેર સૂચના</u>**

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા અધિક્ષક ઈજનેર(સિવિલ) તથા કાર્યપાલક ઇજનેર(સિવિલ), નાયબ કાર્યપાલક ઈજનેર(સિવિલ) સંવર્ગની સીધી ભરતી માટે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવેલ છે. આ જગ્યાઓ માટે અરજી કરનાર ઉમેદવારોના હિતમાં, ઉમેદવારોને લાંચ રૂશ્વત/લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દૂર રહેવા સાવધાન કરવામાં આવે છે, તેમજ નિગમના પદાધિકારી/અધિકારી/કર્મચારીને નામે જો કોઈ ઈસમો નોકરી અપાવવાના નામે ઉમેદવારો પાસેથી નાણાં ઉઘરાવતા હોય તો તેવા ઈસમો સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરાવવી તથા આવી કોઈ અસામાજિક પ્રવૃત્તિ/છેતરપિંડી આપના ધ્યાનમાં આવે તો તરત જ લાંચ રૂશ્વત બ્યુરોના ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૪૪૪૪૪ અથવા ૧૦૬૪ ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.